

આગામી ૩૦મીના રોજ સમગ્ર ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. ત્યારે કોઈ પણ પ્રકારની અનિચ્છનીય બનાવ ના બને તે માટે આજે પ્રાંતિજ તાલુકાના મજરા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સેના અને પ્રાંતિજ પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## મતદારયાદીમાં નામ નોધાયેલ હશે તે જ મતદાન કરી શકશે

પાટણ, તા.૨૭

૩- પાટણ સંસદીય મતદાર વિભાગ માટે લોકસભા સામાન્ય ચૂંટણી તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં જે મતદારનું નામ મતદારયાદીમાં નોધાયેલ હશે તે મતદાર જ મતદાન કરી શકશે. મતદાર યાદીમાં નામ નહી હોય તે મતદાન કરી શકશે નહી,જેની સર્વજનતાને નોધ લેવી તેમ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી એચ. એન. ઠકકરે જણાવ્યું છે.



**ખેડબ્રહ્મા ખાતે ભાજપનો રોડ શો :**

ખેડબ્રહ્મા ખાતે રવિવારના રોજ ભાજપ દ્વારા બાઈક રેલી યોજી રોડ શો કરવામાં આવ્યો હતો. રવિવાર સાંજના માતાજી મંદિર નજીકથી ૫૦ જેટલા બાઈક સવારો સહિત સાબરકાંઠાના ઉમેદવાર દિપસિંહ રાઠોડે ખુલ્લી જીપમાં રોડ શો યોજયો હતો. આ રોડ શો અંબિકા માતાજી મંદિરથી બ્રહ્માજી ચોક, હાઈવે રોડ લક્ષ્મીપુરા ચાર રસ્તા, શિતલ ચોક, સરદાર ચોક પેટ્રોલ પંપ સુધી યોજાયો હતો. સમગ્ર વાતાવરણ કેસરીયું બની ગયું હતું. કાર્યકર્તાઓએ નારા લગાવી વાતાવરણ ગુંજવી નાંખ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ઊંઝામાં વાજબી ભાવની દુકાનનો જથ્થો કાળા બજારમાં ધકેલાય છે

ઊંઝા, તા. ૨૭

ઊંઝા તાલુકામાં પુરવઠાતંત્ર સાવ ખોખલુ બની જતાં રેશનિંગની દુકાનોએ ફાળવાતો આવશ્યક જીવન જરૂરિયાતની ચીજોનો મોટો ભાગનો જથ્થો બારોબાર કાળાબજારમાં ધકેલાઈ જતો હોવાની લોક બૂમરાણ ઉઠવા પામી છે.

તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રેશનિંગની દુકાનો આવેલ છે. જ્યાં દર મહિને રેશનકાર્ડ ધારકો જેવા કે, અંત્યોદય કાર્ડ ધારકો, બીપીએલ કાર્ડ ધારકો માટે ઘઉં, ચોખા, ખાંડ, આયોડાઈઝ મીઠુનો નિયત થયેલ જથ્થો એ.પી.એલ. રેશનકાર્ડ ધારકને ફક્ત ઘઉં તેમજ રાંધણગેસ નહી ધરાવતા તમામ રેશનકાર્ડધારકોને વ્યક્તિ દીઠ ૨ લીટર અને કાર્ડ દીઠ મહત્તમ દશ લીટર કેરોસીનનો જથ્થો મળવાપાત્ર થાય છે.

પરંતુ તાલુકા-જિલ્લા પુરવઠાતંત્રના અધિકારીઓની નિષ્ક્રિયતા યા રેશનિંગની દુકાનોના સંચાલકો સાથેની હપ્તા રૂપી સાંઠગાંઠને કારણે વ્યાજબી ભાવની દુકાનોએ ફાળવાતો મોટા ભાગનો વિવિધ ચીજોનો જથ્થો બારોબાર કાળાબજારમાં પગ કરી જાય છે તેવું કહેવાય છે કે. પરિણામે રેશનકાર્ડ ધારકોને કાર્ડની કેટેગરી મુજબ મળવા પાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળી શકતો નથી. કેટલાયે ગરીબ માણસો પોતાનો મળવાપાત્ર જથ્થો મેળવવા માટે રેશનિંગની દુકાનોએ આંટાફેરા મારતા હોય છે. રેશનીંગની દુકાનોએ જે નિયત જથ્થો ફાળવાય છે. તેમાંથી ઓછો માલ કાર્ડ ધારકોને મળે છે. બાકીનો માલ બારોબાર કાળા હજારમાં ધકેલાઈ જાય છે તેવું ચર્ચાય છે.

બીજુ તાલુકામાં જે રેશનિંગની દુકાનો છે તે પૈકી મોટાભાગની દુકાનો મહિનામાં ચારેક દિવસ સુધી જ ખુલ્લી રહે છે અને બાકીના દિવસોએ બંધ રહે છે. રેશનિંગના દુકાનોના સંચાલકો કાર્ડધારકોને જે ચીજવસ્તુનું વેચાણ કરે છે તેનું બિલ આપતા નથી. આવી સ્થિતિ છેલ્લા ઘણા સમયથી છે તેમ છતાં તાલુકા કે જિલ્લા કક્ષાના પુરવઠા વિભાગના અધિકારીઓને કોઈ તપાસ કરવાની કે પગલાં ભરવાની ફુરસદ નથી. પરિણામે રેશનિંગની દુકાનોમાં લાલીયાવાડી ચાલી રહી છે.

ઊંઝા નજીકના ઉનાવા ગામમાં આવેલ રેશનીંગની મોટાભાગની દુકાનોમાંથી કાર્ડધારકોને દર મહિને નિયત જથ્થો ન મળતાં હોવાની બૂમરાણ ઉઠી છે. પુરવઠા અધિકારીઓ તપાસના નામે નાટક ભજવીને પોતાના ખીસ્સા ગરમ કરીને ભીનુ સંકેલી લેતા હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે.

ઊંઝા તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે. જેથી રેશનકાર્ડ ધારકોએ જે તે ગ્રામ પંચાયત કચેરીમાંથી કુપનો મેળવીને રેશનીંગની દુકાનોએથી નિયત જથ્થો મેળવવો પડે છે. આવી સ્થિતિમાં કેટલીયવાર કનેક્ટીવીટી ન મળવાથી કોમ્પ્યુટરમાંથી કુપનો નીકળતી નથી જેથી રેશનકાર્ડ ધારકોને જરૂરી પુરવઠો મળી શકતો નથી.

કુપન મેળવવા માટે રેશનકાર્ડ ધારકોને કુપન દીઠ ૫ રૂ. ચુકવવા પડે છે. તેમ છતાં રેશનકાર્ડ ધારકોને નાહકના ખોટા ધક્કા અને હેરાનગતિ ભોગવવી પડે છે.

# ઉનાળાના પ્રારંભે જ મહેસાણામાં કેરીના રસનો ઉપાડ વધ્યો

મહેસાણા, તા. ૨૭

મહેસાણા શહેર અને જિલ્લાના ગામોમાં ઉનાળાની ઋતુમાં સખ્ત ગરમીના કારણે કેરીના રસનો ઉપાડ ખુબ વધ્યો છે ત્યારે આ રસની ગુણવત્તા સામે અનેક સવાલો પેદા થયા છે. લારીઓ, હોટલો અને દુકાનોમાં ખાદ્યપદાર્થોની ચકાસણી નહીં થતાં સરબત, શેરડીના કોલા અને કેરીનો રસ વેચતી આવી અનેક હાટડીઓ ઠેરઠેર શરૂ થઈ છે.



અતિશય ગરમીને લીધે ઠંડા પીણાં તેમજ કેરીના રસની માંગ વધી છે. અને તેનો ધૂમ ઉપયોગ થઈ રહ્યો છે. જાણકારોનું કહેવું છે કે હજી બજારમાં કેરીની સાવ નહીવત આવકો છે. બજારમાં જે કેરી વેચાય છે તેમાં મોટાભાગે બદામના નામે ઓળખાતી કેરી જે કાર્બાઈડથી પકવેલ હોય છે તેનું મહત્તમ વેચાણ થતુ હોય છે. આમ બજારમાં હજી કેરીની ધૂમ આવકો થયેલ નથી ત્યાં કેરીના રસનો કારોબાર ખુબ વધી ગયેલ છે. કેરીનો આ રસ કેરબાઓ મારફતે બજારમાં વેચાય છે જે મુખ્યત્વે લગ્ન તેમજ ધાર્મિક પ્રસંગોમાં પીરસાય છે.

આ કેરીના રસની ગુણવત્તા અંગે કોઈ જ તપાસ થતી નથી કે તેના નમુના લઈને લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલવામાં આવતા નથી. કહે છે કે કેરીના રસમાં કેરીનું એસેન્સ, પપૈયું, ખાદ્ય-અખાદ્ય રંગ તેમજ અન્ય ચીજોનો ઉપયોગ થતો હોય છે. વેપારીઓ કોઈ પણ પ્રકારના ભય વિના બિન્દાસથી આવો રસ ગ્રાહકોને પધરાવે છે. જે ખાવાથી લોકોનું આરોગ્ય જોખમાય છે તેવી લોક ફરીયાદો ઉઠી છે. છુટક તેમજ જથ્થાબંધમાં વેચાતો આ રસ લાંબા સમય સુધી સ્ટોક રહેતાં ઉનાળાની ઋતુમાં તે ઝડપથી બગડી જતાં ફુડ પોઈઝનીંગના કિસ્સાઓ પણ બનતા હોય છે. જેથી જવાબદારતંત્ર તેનું ચેકિંગ કે તેનો નાશ કરવાની જવાબદારી અદા કરે તે જરૂરી છે. જો આમ ને આમ આ બધુ ચાલ્યા કરશે તો ઝાડા ઉલટી જેવા રોગોનો લોકો ભોગ બને તો નવાઈ નહી કહે છે કે સરકારી બાબુઓના ખિસ્સા ગરમ થતા હોઈ તેઓ દ્વારા કોઈ અસરકારક પગલાં ભરાતા નથી.

# હિંમતનગર ખાતે ભવ્ય મતદાન જાગૃતિ રેલી યોજાઈ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અને ૨૭- હિંમતનગર વિધાનસભા પેટા ચૂંટણી આગામી તા. ૩૦ એપ્રિલ ૨૦૧૪ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ પ્રમાણમાં થાય તે હેતુસર સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંમતનગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતેથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી બંછાનિધિ પાની તથા નિરીક્ષકશ્રી હાશ્મીએ લીલી ઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.

હિંમતનગરના સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલથી સવારે ૮ કલાકે આરંભ થઈ શહેરના મહેતાપુરા ચાર રસ્તા, હાથમતી બ્રિજ, પોલો ગ્રાઉન્ડ, સ્વામીનારાયણ મંદિર, સહકાર હોલ, મહાવીરનગર ચાર રસ્તા સર્કલ, રીલાયન્સ મોલ, બેરણા રોડ, મહાકાળી મંદિર, પૂર્ણિમા ડેરી, છાપરીયા સર્કલ, મોતીપુરા, તુલસી કોમ્પલેક્ષ, ઉમાશંકર જોષી ઓવરબ્રિજ, બસ ડેપો, સિવિલ સર્કલ, હિંમત હાઈસ્કૂલ, ટાવર રોડ, નગરપાલિકા થઈ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત શહેરીજનો અને વહિવટીતંત્રને અભિનંદન આપતા જનરલ નિરીક્ષકશ્રી એફ.ઓ. હાશ્મીએ જણાવ્યું હતું કે મતદાન જાગૃતિની નવિન પહેલ કરી શહેરીજનોને વધુમાં વધુ મતદાન કરી અગ્રેસર રહેવા અપીલ કરી હતી.

કલેક્ટરશ્રી બંછાનિધી પાનીએ ઉપસ્થિત બાઈક સવારોને રેલીમાં ભાગીદાર થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને દરેક મતદાન મથકમાં સારૂ મતદાન થાય તે જરૂરી ગણાવ્યુ હતું. મતદાન જાગૃતિની મહારેલીનું સફળ આયોજન સ્વીપના નોડલ અધિકારીશ્રી કે.એસ. વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

રેલીમાં બેન્ડવાજા સાથે ગીતો તથા પોસ્ટર, બેનર્સ દ્વારા મતદાર જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ રેલી દરમિયાન હિંમતનગર વિધાનસભા મતદાર વિભાગના નિરીક્ષકશ્રી કોઠારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, જિલ્લા પોલીસ વડાશ્રી ચિરાગ કોરડીયા સહિત તમામ વિભાગના અધિકારી અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## યુવાન જ નથી મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમારી પાસે તે યુવાન નથી.પોલીસ પણ મૂંઝાઈ છે.યુવાનના પરિવારજનો પણ ભારે ચિંતા માં મૂકાઈ ગયા છે. ૧૦ દિવસ થી થી જેનો અવાજ પણ સાંભળવા મળ્યો નથી તે દીકરો સલામત તો હશે ને તે ચિંતા સતત પરિવારજનોને સતાવી રહી છે.

પાલજ ગામના ૩૦ વર્ષીય યુવાન અલ્પેશ રણછોડભાઈ વાળંદે ફાયનાન્સનો ધંધો કરતા બે શખ્સોને રૂપિયા આપ્યા હતા.તે બંને શખ્સો સે.૭ માં પ્લોટ નં.૨૪૬/૧ ખાતે રહેતા -મુખ -હલાદ પટેલ અને સે.૨૯ પ્લોટ નં.૧૯૬ માં રહેતા દર્પણ ધીરજ ધોળકિયાએ મળીને રૂપિયાની લેતીદેતીમાં થયેલી તકરાર ના સમાધાન માટે અલ્પેશને ૧૭મી એ ગુરુવારે સાંજે સે.૨૨ પંચદેવ મંદિર પાસે બોલાવ્યો ને ત્યાંથી અલ્પેશનું અપહરણ કરીને બંને શખ્સો ક્યાંક ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ અલ્પેશના પિતા રણછોડભાઈ બુલાઠીદાસ વાણંદે સે.૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ૧૦ દિવસ આ ઘટના ને થઈ ગયા પરંતુ અપજ્ઞુત યુવાનનો આજ દિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. રૂ. ૨.૭૦ કરોડ રૂપિયા પાછા માંગતા તકરાર થઈ હતી.લાપતા બનેલો દીકરો સહી સલામત હોય તેવી -ાર્થના પરિવારજનો કરી રજ્ઞા છે અને છેલ્લા દસ દિવસ થી તેમના ઘરે રોકકળ ચાલુ છે.

ફરિયાદમાં જે આરોપીઓના ઉલ્લેખ છે તે બે આરોપીઓ પૈકી એક -મુખ હોસ્પિટલમાં દાખલ છે.તેણે કોર્ટમાં આગોતરા જામીનની આરજી કરી હતી જે નામંજુર થઈ છે. અને બીજો આરોપી દર્પણ ધોળકિયા ગઈ રાતે સે.૨૧ પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો.બંને આરોપી અપજ્ઞુત યુવાન તેમની પાસે ન હોવાના નિવેદન આપી રજ્ઞા છે.-ાજ્ઞ માહિતી મુજબ દર્પણ ધોળકિયા નામનો શખ્સ અગાઉ પણ એક વાર વ્યાજખોરી માટે અપહરણ કર્યાના ગુનામાં પકડાયેલો હોવાનું જાણવા મળ્યું છે. જે યુવાનનું અપહરણ થયું તે ક્યાં છે? ચિંતાનું મોટું કારણ તે બાબત બની ગઈ છે.

## પડઘમ શાંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રપૌત્ર રાજમોહન ગાંધી, ખોજી પત્રકાર આશિષ ખેતાન, જાણીતા ટીવી એન્કર સાઝિયા ઈલમી પણ ગુજરાતની બેઠકો પર વ્યાપક પ્રચાર કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ પાટણ બેઠક પરથી ચુંટણી લડતા તેમના ઉમેદવાર માટે જાહેરસભા ગજવી રહ્યા છે.

આમ બધા જ પક્ષોએ ચુંટણી પ્રચાર માટે છેલ્લી ઘડીના સાચા ખોટા આક્ષેપો પ્રતિ આક્ષેપો કરી રાજકીય વાતાવરણમાં ગરમી લાવવાનો પ્રયાસ કર્યો છે. સોમવારે સાંજથી બુથ મેનેજમેન્ટ અને ઘરે ઘરે સંપર્ક માટેનું આયોજન થશે. ગામડાઓમાં ખાટલા પરિષદ થશે. દરેક ઉમેદવાર અને પક્ષો પોતપોતાના તરફી વધુ મતદાન થાય તેના જોરદાર પ્રયાસો કરશે. હવેના બે દિવસ રાજકીય ભાષામાં કતલની રાત બનીને રહેશે. પોત પોતાના મતોને કેવી રીતે અંકે કરવા તેના ગેમ પ્લાન ઘડાશે.

## આકરો મિજાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ વિશેષરૂપે જાગૃત હોવાથી રાજકીય પક્ષો માટે તેમના મન કળવાનુ મુશ્કેલ બન્યું છે. પ્રચાર ઝુંબેશનો રંગ જામ્યો છે જ્યારે ૩૦મી એપ્રિલના રોજ મતદાન હોવાથી ૨૮મીએ સાંજ સુધીમાં પ્રચાર પડઘમ શાંત થઈ જશે. ચૂંટણી ટોક ઓફ ધ ટાઉન બની છે. ત્યારે રાજકીય ગરમાવા વચ્ચે વાતાવરણની ગરમીએ નગરજનોને બેબાકળા બનાવી દીધા છે. ગરમીનો પારો ૪૨ ડીગ્રી પહોંચી જતા શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળે છે. રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશનો પણ આમ નાગરિકોનું જોઈએ તેવું સમર્થન ન મળતુ હોવાનુ ચિત્ર ઉભરી આવ્યું છે. આવા સંજોગોમાં ગરમી અને વેકેશનનો સમયગાળો મતદાન બુથોને પ્રભાવિત કરે તેવી પ્રથમ સંભાવના ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે ઘેરી ચિંતાનો વિષય બની છે. આકરી ગરમીના લીધે મતદાનની ટકાવારી પ્રભાવિત થાય તેવી સંભાવના નકારી શકાય તેવી નથી.


# ખેડબ્રહ્માના ધોળીવાવમાં પરણીતાની છેડતી સંદર્ભે નવ વિરૂદ્ધ સામ સામી ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા તાલુકાના ધોળીવાવ ગામમાં એક પરણીતા મહીલાને બદનામ કરવાના ઈરાદે છેડતી કરતા પરણીતાએ પાંચ ઈસમો વિરૂદ્ધ તથા સામાપક્ષે ઝઘડો કરવા સંદર્ભે ચાર ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સામસામી ફરીયાદ નોંધાવા પામી છે.

આ અંગે વિગતો એવી છે કે ધોળીવાવ ગામે શુક્રવારે વહેલી સવારે વિનોદભાઈ ધનાભાઈ ચૌહાણની પત્નીને બદનામ કરવાના ઈરાદે ધોળીવાવ ગામના મુકેશભાઈ પ્રતાપભાઈ ચૌહાણે હાથ પકડી ખેંચતાણ કરતાં પરણીતાના પરિવારના સભ્યો ત્યાં આવી જતાં મુકેશ ચૌહાણ નાસી ગયો હતો. દરમિયાન મુકેશ ચૌહાણનું ઉપરાળુ લઈ તેના પરિવારજનો હથિયાર લઈ ત્યાં આવી બિભત્સ શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે વિનોદભાઈ ધનાભાઈ ચૌહાણે ધોળીવાવના જ ચૌહાણ મુકેશભાઈ પ્રતાપભાઈ, ચૌહાણ પ્રતાપભાઈ જુજારભાઈ, રામાભાઈ જુજારભાઈ ચૌહાણ, બાબુભાઈ પ્રતાપભાઈ તથા ચૌહાણ કીરણભાઈ રામાભાઈ ચૌહાણ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૩૫૪/એ ૫૦૬/૨ - ૫૦૪ અને ૧૧૪ મુજબ ગુનો નોંધાવતા સામાપક્ષે મારામારી કરવા સંદર્ભે અળખાભાઈ રામાભાઈ ચૌહાણે, ધોળીવાવ ગામના જ વિનોદભાઈ ધનાભાઈ ચૌહાણ, લીલાભાઈ ધનાભાઈ ચૌહાણ, રામાભાઈ ધનાભાઈ ચૌહાણ તથા હીંમતભાઈ રામાભાઈ વિરૂદ્ધ સામી ફરીયાદ નોંધઆવતા હે.કો. હરેશભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

## હત્યાનો આરોપી પકડાયો



બનાસકાંઠાના સરહદી વિસ્તારની અમીરગઢ આર.ટી.ઓ. ચેક પોસ્ટ પાસે બે વ્યક્તિઓની કરનાર આરોપીને પાલનપુર એલસીબી સ્ટાફે સીફતપૂર્વક પકડી પાડ્યો હતો. છેલ્લા ૪૮ કલાકની પૂછપરછમાં આરોપીએ હત્યાનો મામલો કબૂલ્યો હતો. બનાસકાઠા પોલીસની સફળતાએ પ્રજાજનોએ વધાવી હતી.

તસવીર : હરેશ જોષી પાલનપુર

## ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એમ.પી., ધારાસભ્ય, પી.એમ. કે સી.એમ. બનવા માટે કોઈ પ્રકારની શૈક્ષણિક લાયકાત રાખવામાં આવતી નથી તે યોગ્ય વાત નથી. રાજ્યના કોઈપણ યુવાન કે યુવતીને સરકારમાં નોકરી કરવા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત હોવી જોઈએ ત્યારે નેતાઓ માટે પણ શૈક્ષણિક લાયકાત હોવી જોઈએ. અત્યારે બાહુહલી નેતાઓ ચૂંટાય છે અને તેઓ સાંસદ કે મંત્રી પણ બને છે ત્યારે ધારાસભ્યનો અનુભવ હોવો જોઈએ ત્યારે જો કુવામા જ નહિ હોય તો હવાડામાં ક્યાંથી આવશે. જેથી ઉમેદવારો માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત રાખવી જોઈએ અને હુ હંમેશા યુવાન અને શૈક્ષણિક ઉમેદવારને જ પસંદ કરૂ છુ. તેમ ધોળાકુવા ગામમાં રહેતા અને વેપારી દિનેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું.

ધોળાકુવા ગામમાં રહેતા બીજા એક મતદાર મહેન્દ્ર ઈશ્વરભાઈએ જણાવ્યું હતું કે ઉમેદવાર ગામડામાં એકજ વાર આવે છે. તે પણ મત માગવા માટે. જો ઉમેદવાર પાંચ વર્ષમાં એક જ વખત આવશે તો મતદારો સુધી કેવી રીતે પહોચશે ? નેતાઓની જવાબદારી ફક્ત મત માંગવાની નહિ પણ સાથે સાથે મતદારોનું ઋણ ચુકવવુ જોઈએ. ગરીબોને મકાન આપવા, પાણી, વિજળી જેવી પાયાની સુવિધાઓ પુરી પાડવી જોઈએ. તેમજ બેકારી દૂર કરે તેવો નેતા હોવો જોઈએ. નેતાઓ ફક્ત ચૂંટાયા પછી પોતાનુ અને પોતાના પરિવારોનો જ વિચાર કરતા હોય છે. ત્યારે હુ આવા પરિવાર વાદી નેતાને ક્યારેય મત આપીશ નહિ અને જે લોકો તેવા લોકોને મત આપશે તેમણે હુ સમજાવીશ. જે નેતાઓ ચૂંટણી ફંડ ભેગુ કરે છે. તેવી જ રીતે બેરોજગારોને પણ ફંડ પુરૂ પાડવું જોઈએ.

અત્યારથી ચૂંટણી જ્ઞાતિવાદ પર લડાય છે. જે ખરેખર આવનાર સમય માટે ગંભીર બાબત છે. નેતાઓ દ્વારા જ્ઞાતિવાદને ભડકાવવાનું કામ કરવામાં આવે છે. સેક્ટર-૭-બીમાં રહેતા અને અભ્યાસ કરતા અશોક ગલસરે જણાવ્યું છે કે જે નેતાઓ પોતાના લાભ માટે હિંસા ફેલાવે છે, કોમવાદ ભડકાવે છે તેવા નેતા મને ક્યારેય પસંદ નથી. નેતા લડાવનાર નહિ પણ સમજાવનાર હોવો જોઈએ, પ્રજાનુ રક્ષણ કરનાર હોવો જોઈએ.

જે સાંસદ ફક્ત પોતાના નામ માટે બાંકડા કે બસ સ્ટેન્ડ બનાવે છે તેમણે વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સુવિધાઓ વધારવી જોઈએ. લાયબ્રેરી, રમતગમત ક્ષેત્રના સાધનો અને યુવાનો માટે સ્પોર્ટસ ક્લબો ખોલવી જોઈએ. અને જે નેતા ચૂંટણી વખતે વચનો આપે છે તે પુરા કરીને મતદારોનો વિશ્વાસ જીતવો જોઈએ નેતાઓની જે ગંદી છાપ છે તે સુધારવી જોઈએ.

## ગુજરાતના ગીતોએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. આ રેલીમાં ભાજપના યુવા કાર્યકર્તાઓ ખેસ અને ટોપી પહેરીને જોડાયા હતા. બાઈક રેલીમાં યુવાનો સાથે ભાજપની મહીલા કાર્યકર્તાઓએ પણ વિશિષ્ટ રીતે પ્રચાર કર્યો હતો. મોદી ફોર પી.એમ.ના પોસ્ટરો હાથમાં રાખી મહીલાઓએ સેકટરોની ગલીઓમાં ચુંટણી પ્રચાર કર્યો હતો. સે-૧ માંથી પ્રસ્થાન કરાયેલી આ પ્રચાર રેલી સે-૨, સે-૩ ન્યુ, સે-૪, ૫, ૬, ૭ અને ૮માં ફરી હતી. સેકટરોના રહેણાંક વિસ્તાર ઉપરાંત શોપીંગ સેન્ટરોમાં પણ પ્રચાર રેલી નીકળી હતી. ત્યારબાદ ચ-૩ થી સે-૧૨, ૧૩ અને સે-૨૧, ૨૨માં થઈ જૂના સેકટરોમાં રેલી આગળ વધી હતી. સે-૨૯ જલારામ મંદિર ખાતે બાઈક રેલી પૂર્ણ થઈ હતી. આ બાઈક રેલીમાં ડી.જે. એ પણ ધૂમ મચાવી હતી. જો કે આકરી ગરમીના લીધે કાર્યકરો તાપમાં શેકાઈ ગયા હતા. પ્રચાર રેલીમાં પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ, કાર્તિભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ મીડીયા સેલના જીજ્ઞેશ જોષી સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD · Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧